ગાંધીનગર સમાચાર

તા. ૬-૧૧-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### ભારત સામે પાકની પ્રોકસીવૉર નીતિનો પર્દાફાશ

પાકિસ્તાન કયારેક અમેરિકાનું તો કયારેક ચીનનું બગલબચ્ચું બનીને ભારત સામે ઘુરકિયાં કરતું રહે છે. કટ્ટર ધર્માંધતાએ પાકિસ્તાનને ઈસ્લામિક રાષ્ટ્રોમાં પણ આતંકવાદના આશ્રયદાતાની ઓળખ અર્પી છે. ભારત સામે એને જન્મજાત શત્રુતા છે. જીવશાસ્ત્રમાં 'સિબલિંગ રાઈવલરી' - સહોદર શત્રુતાની થિયરી આવે છે. બે ભાંડુઓ વચ્ચે ગળાકાપ હરિફાઈ ચાલતી રહે છે. બેઉ એકમેકથી આગળ નીકળી જવાની હોડ બકી બેસે છે. આ એક કુદરતી ઘટના છે - નેચરલ ફિનોમેના છે. પાકિસ્તાન પાસે ભારત વિરૂદ્ધ કાયમી ધોરણે ઝઘડો ચાલુ રાખવાનું હાથવગું બહાનું છે કાશ્મીર. કાશ્મીરને પાકિસ્તાન પોતાને પ્રદેશ માને છે, જયારે ભારત એના હાથમાંથી સરકી ગયેલા 'આઝાદ કાશ્મીર' સહિત પુરેપૂરા કાશ્મીરને ભારતનું અવિભાજ્ય અંગ ગણે છે. પંડિત નહેરૂએ કાશ્મીર વિવાદને યુનોમાં લઈ જવા દીધો એ ઐતિહાસિક ભૂલ હતી. સરદાર પટેલે બાકીનાં રજવાડાંને હિંદુસ્તાન સાથે - ભારતીય સંઘ સાથે ભેળવવામાં સફળતા મેળવી પરંતુ નહેરૂ એમની પિતૃભૂમિ કાશ્મીરને ન બચાવી શક્યા. એનાં બે ફાડિયાં થઈ ગયાં અને આટલાં વર્ષો પછી પણ કાશ્મીર ભારત માટે ગળાની ફાંસ જ બની રહ્યું છે. પાકિસ્તાન સીધી લડાઈમાં ભારત સામે દર વખતે ઊંધા માથે પટકાતું રહ્યું છે. લાલ બહાદુર શાસ્ત્રીના શાસનકાળ દરમિયાન થયેલ ઐતિહાસિક યુદ્ધમાં (૧૯૬૫માં) ભારતીય દળો લાહોર અને સિંધના થરપારકર સુધી પહોંચીને ત્રિરંગો ફરકાવી આવ્યા હતા. તાશ્કંદ કરાર અન્વયે જીતેલા પ્રદેશો પાછા સોંપવા પડ્યા અને શાસ્ત્રીને ખુદ ધર્મપત્ની લલિતાદેવીએ આકરા શબ્દો કહ્યા જેથી હૃદયરોગનો હુમલો આવતાં એમનું તાશ્કંદમાં જ અવસાન થયું હતું. એ પછી '૭૧માં બાંગ્લાદેશની આઝાદી માટે મુક્તિવાહિનીને ભારતીય સેનાએ મદદ કરી હતી અને પાકિસ્તાનના હજારો યુદ્ધકેદીઓ શરણે આવ્યા હતા. પરંતુ આવી કારમી હાર પછી પણ પાકિસ્તાન ભારત સામે સતત બાંયો ચડાવતું રહ્યું છે. કારગિલની લડાઈ અને તે પછી ચાલુ રહેલું પ્રોકસીવોર એનાં જીવતાં જાગતાં ઉદાહરણ છે. ઝુલ્ફીકાર અલી ભુટ્ટોએ ભારત સામે એક હજાર વર્ષ લાંબી લડાઈનું એલાન કરેલું, તે વેરભાવના એમના વારસદારોએ જણસની જેમ સાચવી રાખી છે. કશી સૂઝ સમજ વગર બિલાવલ ભુટ્ટો લંડનમાં બેઠાં બેઠાં ભારત વિરોધી નિવેદનો કરતા રહે છે તો વળી શરીફ ગણાતા નવાઝ શરીફ વડાપ્રધાન મોદી સાથે શાલ-સાડી વહેવાર કર્યા પછી પણ યુનોમાં જઈ કાશ્મીરનો રાગ અલાપે છે. શિમલા કરારમાં આ પ્રશ્ને પૂર્ણવિરામ મૂકવામાં આવેલું અને પરસ્પર સમજૂતીથી કાશ્મીર સમસ્યા ઉકેલવાનો સંયુક્ત નિર્ણય લેવાયેલો એ વાત પાક શાસકો આસાનીથી ભૂલી જાય છે. એમણે સરહદ પર છમકલાં કરીને, આતંકવાદીઓને 'એક્સપોર્ટ' કરીને ભારત સાથે વેર વાળવાની કાયરતાપૂર્ણ કૂટનીતિ અપનાવી છે. સીધી લડાઈમાં ભારતને પહોંચી શકાય એમ નથી, એ બાબત પાકિસ્તાન બરાબર સમજી ગયું છે અને અફઘાનિસ્તાન તથા કાશ્મીર સરહદે ભાડાના ઈસ્લામિક આતંકવાદીઓ મારફત એ લોહી રેડાવી સંતોષ માને છે. આ મુદ્દે અત્યાર સુધી અમેરિકા મૌન હતું પરંતુ ઓસામા-બિન-લાદેનને પાકિસ્તાન આર્મીએ જ આશ્રય આપ્યો હોવાનું પ્રસ્થાપિત થતાં એને પણ એના બગલબચ્ચાંની આડોડાઈ વિશે બોલવું પડ્યું છે. પેન્ટાગોને અધિકૃત નિવેદન બહાર પાડીને કહેવું પડ્યું છે કે જમ્મુ-કાશ્મીર સહિત સમગ્ર ભારતમાં આતંકવાદીઓ મારફત પાકિસ્તાન પ્રોક્સીવોર લડી રહ્યું છે. પાકિસ્તાનની શાખ આમ પણ એક દેવાળિયા દેશ તરીકેની છે. ત્યાં લોકશાહી માત્ર નામ પૂરતી છે. આર્મી અને કુખ્યાત ગુપ્તચર એજન્સી આઈએસઆઈ ભારત સામે સતત તંગદિલી ફેલાવતાં રહે છે. ડી-કંપનીના કર્ણધાર દાઉદને ઝબ્બે કરવા માટે ભારતે અમેરિકાની મદદ માગી છે. મુંબઈ હુમલાનો એ માસ્ટર માઈન્ડ અને નંબર-વન આરોપી છે, જેને પાકિસ્તાન બાદશાહી ઠાઠથી ઘરજમાઈની જેમ સાચવતું રહ્યું છે. એવું જ હાફિઝ સઈદ વિશે કહી શકાય. સઈદે જમ્મુ-કાશ્મીરની ચૂંટણી ખોરવી નાખવાની અને ત્રાસવાદી હુમલાઓ કરવાની ખુલ્લી ધમકી ઉચ્ચારી છે. છેલ્લે વાઘા બોર્ડર પર થયેલ આત્મઘાતી હુમલાનું ખરૂં નિશાન તો ભારત જ હતું તે કોણ નથી જાણતું?

# રાજયમાં એમ.બી.બી.એસ.ની બેઠકો વધારવા માટેની પહેલ

## રાજયના ૫ જિલ્લા હોસ્પિટલોનો અપગ્રેડ કરી નવી મેડીકલ કોલેજો શરૂ કરવા કેન્દ્ર સરકારમાં દરખાસ્ત

ગાંધીનગર, તા.૫

રાજયમાં પ્રજાજનોને આરોગ્ય સવલતોનો વ્યાપ વધે તેમજ ઘર આંગણે તબીબી શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે રાજય સરકારે અનેકવિધ પગલા લીધા છે. રાજયની વડોદરા અને સુરત ખાતેની મેડીકલ કોલેજોમાં એમબીબીએસની ૧૭૦ નવી બેઠકોનો વધારો કરવામાં આવશે તેમ આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે.

મંત્રીશ્રી પટેલે આ અંગે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે રાજયોમાં સરકારી મેડીકલ કોલેજોની એમબીબીએસની સીટોમાં વધારો કરવા અંગેની યોજના અમલમાં મુકી છે. જેનો લાભ લઈ ગુજરાત સરકારે ૭૦:૩૦ના રેશીયા મુજબ એમ.બી.બી.એસ.ની ૧ સીટના વધારા દીઠ રૂ. ૧.૨૦ કરોડની સહાય મેળવવા નિર્ણય કરેલ છે. જે અંતર્ગત ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે સરકારી મેડીકલ કોલેજ, સુરત ખાતે ઉપલબ્ધ એમ.બી.બી.એસ.ની ૧૫૦ સીટોમાં વધારો કરી ૨૫૦ સીટો કરવા અને સરકારી મેડીકલ કોલેજ, વડોદરા ખાતે ઉપલબ્ધ એમ.બી.બી.એસ.ની ૧૮૦ સીટો વધારો કરી ૨૫૦ સીટો કરવાનું આયોજન કર્યું છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે કેન્દ્ર સરકારે જાહેર કરેલ અન્ય યોજના પ્રમાણે રાજયમાં ચાલુ જિલ્લા હોસ્પિટલો સાથે નવી મેડીકલ કોલેજની સ્થાપના માટે કેન્દ્ર સરકાર રૂ.૧ ૫૦ કરોડ આપશે અને રાજય સરકાર રૂ. ૫૦ કરોડ પોતાના બજેટમાંથી ફાળવશે. આ જિલ્લા હોસ્પિટલો ૨૦૦થી ૨૫૦ પથારીઓ ધરાવતી હોવી જરુરી છે. જે અંતર્ગત રાજયના આરોગ્ય વિભાગે બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર, ખેડા જિલ્લામાં નડીયાદ, અમરેલી જિલ્લામાં અમરેલી, પંચમહાલ જિલ્લામાં ગોધરા અને તાપી જિલ્લામાં વ્યારા ખાતેની જિલ્લા હોસ્પિટલોનો અપગ્રેડ કરી નવી મેડીકલ કોલેજોની સ્થાપના કરવા માટેની દરખાસ્ત કેન્દ્ર સરકારને કરી છે. ઉકત હોસ્પિટલોની કેન્દ્ર સરકાર દ્વારા ચકાસણી કર્યા બાદ મંજુરી મળ્યેથી આગળની કાર્યવાહી કરાશે. આમ, ભવિષ્યમાં જિલ્લા કક્ષાની હોસ્પિટલોની સાથે મેડીકલ કોલેજોની સુવિધા ઉપલબ્ધ થશે.

# સચિવાલય-બિન સચિવાલયની જગ્યાઓ માટે ફોર્મ ભરાવવાની પ્રક્રીયા પૂર્ણ

## બિન સચિવાલય માટેની પરીક્ષા ૨૧મી ડિસેમ્બરે અને સચિવાલય માટેની પરીક્ષા ૪થી જાન્યુઆરીઓ યોજાશે : ઉમેદવારો કોચીંગ કલાસના સહારે તૈયારીઓમાં લાગ્યા

ગાંધીનગર, તા.૫

ગુજરાત રાજય સરકાર દ્વારા સચિવાલય અને બિન સચિવાલય કલાર્ક અને ઓફિસ આસીસ્ટન્ટની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા અંતર્ગત ફોર્મ ભરાવવાની પ્રક્રિયા પૂર્ણ કરી દેવાઈ છે. હવે આગામી તા. ૨૧મી ડીસેમ્બરે બિન સચિવાલયની જગ્યાઓ માટે અને તા. ૪થી જાન્યુઆરીએ સચિવાલયની જગ્યાઓ માટે લેખિત તેમજ કોમ્પ્યુટર પ્રેકટીકલની પરીક્ષાઓ યોજાશે. આ પરીક્ષાઓ માટે રાજયભરમાં ઉમેદવારોએ તડામાર તૈયારીઓ આરંભી દીધી છે. ગાંધીનગરમાં પણ આ બંને પરીક્ષાઓ માટેના કોચીંગ કલાસીસમાં ઉમેદવારો કમરકસીને તૈયાર થઈ રહ્યાં છે.

રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૪થી ૨૦૨૦ સુધી ૬ વર્ષ દરમિયાન કુલ ૧,૨૦,૦૦૦ જેટલી સરકારી કારકુનો માટેની સચિવાલય અને બિન સચિવાલયની બેઠકો માટે ભરતી પ્રક્રિયા આરંભાઈ છે. આ પ્રક્રીયા મુજબ છ વર્ષે ૨૦,૦૦૦થી પણ વધુ જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. જે અંતર્ગત હાલ સચિવાલયમાં ઓફિસ આસીસ્ટન્ટની ૨૦૦ જગ્યાઓ અને બિન સચિવાલયમાં કલાર્કની ૨૪૪૪ જગ્યાઓ માટેની ફોર્મ ભરાવવાની પ્રક્રીયા પૂર્ણ કરવામાં આવી છે. હવે આગામી દિવસોમાં તા. ૨૧મીડિસેમ્બરે બિનસચિવાલયની જગ્યાઓ માટેના ઉમેદવારો અને તા.૪થી જાન્યુઆરી ૨૦૧૫ના રોજ સચિવાલયની જગ્યાઓ માટેના ઉમેદવારોની લેખિત પરીક્ષાઓ લેવાશે.

આ પરીક્ષામાં બંને સ્થાન માટે ૧૦૦ માર્કના કુલ ૩ પેપર મળીને ૩૦૦ માર્કની પરીક્ષા લેવાશે. જેમાં બે પેપર લેખિતમાં ઓએમઆર પધ્ધતિથી લેવાશે. આ બંને પેપરમાં સામાન્ય અભ્યાસ, ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ અને સંસ્કૃત, ભારતનું બંધારણ, ગુજરાતી અને અંગ્રેજી વ્યાકરણ, વર્તમાન પ્રવાહો, એપ્ટીટયુડ (ગણિત) અને રીઝનીંગ (તર્ક શાસ્ત્ર) જેવા વિષયોને આવરી લેવામાં આવ્યા છે. બાકીના ૧૦૦ માર્કમાં કોમ્પ્યુટર વિષયની પ્રેકટીકલ પરીક્ષા લેવાશે. કોમ્પ્યુટર વિષયમાં ગુજરાતી-અંગ્રેજી ટાઈપીંગ અને અન્ય ટેસ્ટ લેવામાં આવશે. આ પરીક્ષાઓ માટે સમગ્ર રાજયમાં હજારો ઉમેદવારોએ તડામાર તૈયારીઓ આરંભી દીધી છે. ગાંધીનગરમાં પણ આ પરીક્ષાઓના સીલેબસની તૈયારી કરાવતાં અનેક કોચીંગ કલાસીસ ચાલી રહ્યા છે અને તેમાં મોટી સંખ્યામાં ઉમેદવારો તાલીમ લઈ રહ્યાં છે.

## હરિની દૃષ્ટિ...




સાહેબ, રીપોર્ટ એવું કહે છે કે ... સફાઈ અભિયાન પતે પછી કાળા નાણાની વાત કરવી... લોકો એવું સમજશે કે આટલા બધાં પૈસા હશે તો, સફાઈ કરાવી લઈશું...

# ધોરણ-૬-૮ના બે પુસ્તકના કોર્સને આખરે બદલી દેવાયો

અમદાવાદ, તા.૦૫

ગુજરાત રાજય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધોરણ-૬ થી ૮ના બે પુસ્તકો બીજા સેમેસ્ટરમાં બદલવાનો નિર્ણય અમલમાં મુકાયો છે. પાઠ્યપુસ્તક મંડળે ગુજરાતી માધ્યમમાં અંગ્રેજી અને અંગ્રેજી માધ્યમમાં સોશિયલ સાયન્સના પુસ્તકને બદલવાની નવો અભ્યાસક્રમ બીજા સેમેસ્ટરથી અમલમાં મુકી દીધો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૬ થી ૮ અંગ્રેજી અને સોશિયલ સાયન્સના પુસ્તકોમાં સંખ્યાબંધ ક્ષતિઓ હોવાનું ધ્યાનમાં આવ્યા બાદ શિક્ષણ વિભાગ દ્વારા નવો અભ્યાસક્રમ તૈયાર કરવાનો પાઠ્યપુસ્તક મંડળને આદેશ કરાયો હતો અને તેના ભાગરૂપે ધોરણ-૬ થી ૮માં અંગ્રેજી અને સોશિયલ સાયન્સના પ્રથમ સેમેસ્ટરના પુસ્તકો બદલવામાં આવ્યા હતા. ત્યારબાદ ચાલુ વર્ષમાં બીજા સેમેસ્ટરમાં અંગ્રેજી અને સોશિયલ સાયન્સના નવો અભ્યાસક્રમ દાખલ કરાયો છે. આ અંગે પાઠ્યપુસ્તક મંડળ કાર્યવાહક પ્રમુખ નિતીન પેથાણીએ જમાવ્યું હતું કે, પુસ્તકમાં ક્ષતિઓ હોવાનું શિક્ષણવિદોએ ધ્યાન દોર્યા બાદ બંને પુસ્તકો બદલવવાનો નિર્ણય કર્યો હતો ગત વર્ષે પ્રથમ સેમેસ્ટરના પુસ્તકો બદલાવ્યા હતા. જો કે પાઠ્યપુસ્તક મંડળ દ્વારા બીજા સેમેસ્ટરના બંને પુસ્તકો બદલાવવાની સાથે સાથે તેમના ભાવમાં પણ વધારો ઝીંકવામાં આવ્યો છે. બંને પુસ્તકો બદલાવવાની આગોતરી જાણ કર્યા વગર નવો અભ્યાસક્રમ અમલમાં મુકી દેવાતા પુસ્તક વિક્રેતાઓ અને શાળા સંચાલકોમાં પણ ભારે નારાજગી વ્યાપી જવા પામી છે. તેમના જણાવ્યા મુજબ ધોરણ-૬ થી ૮ના અંગ્રેજી અને સોશિયલ સાયન્સના પુસ્તકો બદલાવવા અંગે પાઠ્યપુસ્તક મંડળ દ્વારા કોઈ પ્રકારની આગોતરી જાણ કરવામાં આવી ન હતી. બીજા સેમેસ્ટરના પુસ્તકો લેવા ગર્વમેન્ટ વિક્રેતા પાસે ગયા ત્યારે જાણ થઈ હતી. ઉલ્લેખનીય છે કે, ધોરણ-૬ થી ૮માં અંગ્રેજી અને સોશિયલ સાયન્સનો અભ્યાસક્રમ બદલાતા અને નવા પુસ્તકો બજારમાં આવતા જૂના અભ્યાસક્રમના પુસ્તકો પરત લેવા પાઠ્યપુસ્તક મંડળે સૂચના આપી છે. તે મુજબ અંગ્રેજીના ૩૫૦૦ અને સોશિયલ સાયન્સના ૫૦૦ જેટલા પુસ્તકો બજારમાંથી પરત ખેંચાશે.

### પુસ્તકોમાં ભાવ વધારો

| પુસ્તક | ધોરણ | જૂનો ભાવ | નવો ભાવ |
|---|---|---|---|
| અંગ્રેજી | ૦૬ | ૩૧ | ૩૭ |
| | ૦૭ | ૨૭ | ૪૦.૫૦ |
| | ૦૮ | ૩૧ | ૪૧ |
| વિજ્ઞાન | ૦૬ | ૩૧ | ૩૫ |
| | ૦૭ | ૩૩ | ૩૫ |
| | ૦૮ | ૩૮ | ૪૦ |

# વિદ્યાપીઠના કુલનાયક અનામિક શાહ

અમદાવાદ, તા.૦૫

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સ્થાપેલ ગુજરાત વિદ્યાપીઠના કુલનાયકને લઈ ચાલતી અટકળોનો અંત આવ્યો છે. આજે મળેલ ટ્રસ્ટી મંડળની બેઠકમાં વિદ્યાપીઠના કુલનાયકનો ચાર્જ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રસાયણ ભવનના પ્રોફેસર અનામિક શાહને સોંપવાનો નિર્ણય કર્યો છે. અનામિક શાહ આગામી ત્રણ વર્ષ માટે ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક તરીકે ફરજ બજાવશે તેઓ વર્તમાન કુલનાયક સુદર્શન આયંગરનું સ્થાન લેશે.

ગુજરાત વિદ્યાપીઠના વર્તમાન કુલનાયક સુદર્શન આયંગરની ત્રણ ટર્મ સાથે કુલ ૯ વર્ષની મુદત પૂર્ણ થતાં યુજીસીના નિયમો મુજબ નવા કુલનાયકની પસંદગી કરવામાં આવી છે. આજે મળેલી ટ્રસ્ટી મંડળની બેઠકમાં વિદ્યાપીઠના કુલનાયકનો ચાર્જ ઈન્ડિયન સોસાયટી ઓફ કેમિસ્ટસ એન્ડ બાયોલોજીસ્ટ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એવા અનામિક શાહને સોંપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અનામિક શાહ હવે આગામી ત્રણ વર્ષ સુધી ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક તરીકે ફરજ બજાવશે. અનામિક શાહ આ પહેલા ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ માટેની સર્ચ કમિટીના સભ્ય પણ રહી ચુક્યા છે. અનામિક શાહ મુળ સ્વાતંત્ર્ય સેનાની પરિવારમાંથી આવે છે તેઓ છેલ્લા ૩૦ વર્ષથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રસાયણ જીવનમાં અધ્યાપક તરીકે કાર્યકર છે. તેમના નેતૃત્વમાં રસાયણ ભવને ૧૨ કરોડના દેશ-વિદેશના સંશોધન પ્રોજેક્ટ મેળવેલા છે.

અનામિક શાહ અત્યાર સુધી ૧૫૦થી વધુ સંશોધન પત્રો લખી ચુક્યા છે તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટીચર્સ એસોસિએસનને અને ગુજરાત રાજય કોલેજ અને અધ્યાપક મંડળના ઉપપ્રમુખ તેમજ કાર્યધારક પ્રમુખ તરીકેનો કાર્યભાર પણ સંભાળી ચુક્યા છે.

# આધા હૈ ચંદ્રમા... રાત આધી... 'માલકૌંસ' અને 'ભૈરવી' રાગના ગીતોની રસલ્હાણ...

## મનભાવન રાગ 'માલકૌંસ' અને સદા સુહાગન રાગ 'ભૈરવી' રાગ આધારીત સદાબહાર હિન્દી ફિલ્મી ગીતોની ગૂંજતી શાસ્ત્રીય ગીતોની મહેફિલ શ્રી સૌરાષ્ટ્ર કચ્છ સમાજ દ્વારા સમજાવવામાં આવી.... 'મન તરપત હરિ દર્શન કો આજ' થી લઈ 'તુમ્હે ઔર કયા દુ મૈં દિલ કે સિવા' જેવા ગીતો 'સૂરીલી સાંજ' દ્વારા દમદાર પ્રસ્તુતી




બિસમિલ્લાખાંની મંગલ શહનાઈના સૂર રેલાય એટલે કોઈ પણ સંગીતમાં રૂચી ધરાવતા રસીકને ખબર પડે કે આ રાગ માલકૌંસ છે... રાગ માલકૌશ એ મર્દાના ગાયકીનો રાગ છે. પંડિત ભીમસેન જોષી એ આ રાગના પર્યાય કહેવાય છે. ભક્તિ વીરરસના ગીતોમાં માલકૌંસ રાગ વધુ ગવાય છે... જૈનીજનમાં કેવળ જ્ઞાન એ મહાવીર સ્વામીને આત્મસાત હતું અને એ દરેક વાત માલકૌંસ રાગમાં ગાઈને કરતાં એવું 'આગમ'માં નોંધાયેલું છે... હાલના સમયમાં સંપૂર્ણ રાગમાં કિશોરી આમોનકર મોખરાંના ગાયિકા કહેવાય છે... માલકૌંશનું મૂળ નામ તો 'માલકૌશિકા' હતું. સંપૂર્ણ અને પંચમ બે મુખ્ય પ્રકાર છે, જયારે એ ચંદ્રકૌસ પણ કહેવાય છે...

સૂરીલી સાંજ ભાવનગરે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ગાંધીનગરના ઉપક્રમે ગોઠવાયેલા આ કાર્યક્રમમાં ભારતીય શાસ્ત્રીય સંગીતના જૂના અને જાણીતા બે રાગ પર આધારિત હિન્દી ફિલ્મી ગીતોની મહેફીલ સજાવી હતી. સમાજના મુખ્ય કાર્યકર જીલુભા ધાંધલે સૌને આવકાર્યા તો એન.પી.પટેલ, વી.એસ. ગઢવી અને પ્રદીપ ગગલાણીએ કલાકારોને પુષ્પગુચ્છથી આવકાર્યા અને 'વક્રતુંડ મહાકાય' ની પ્રાર્થના સાથે સૂરીલી રાગોની મહેફીલ શરૂ થઈ, પ્રથમ હિસ્સામાં પ્રથમ ફકરામાં જેનો પરિચય આપ્યો એ રાગ 'માલકૌંસ' રજૂ થયો.

મનભાવન રાગ માલકૌંસ જેમ શહનાઈથી ઓળખાય છે એમ હિન્દી ફિલ્મ ગીતની વાત આવે એટલે 'બૈજુ બાવરા' ફિલ્મનાં 'મન તરપત હરિ દર્શન કો આજ'થી જ ઓળખાય છે... આ ગીતની ખાસિયત એ છે કે કૃષ્ણ ભક્તિનાં આ ગીત સાથે ગાયક મોહંમદ રફી, ગીતકાર શકીલ અને સંગીતકાર નૌશાદ એમ ત્રણેય મુસ્લિમ કલાકારો જોડાયેલા છે... આ ગીત માટે નૌશાદે કીધેલું કે, ''ઈસ ગીતમેં હમ કિસી કા કુછ કમાલ નહીં હૈ, યહ તો રાગ માલકૌંસ કા કમાલ હૈ...'' આ ગીતમાં અંતમાં છેડાતી 'મુરલી મનોહર આસના છોડો'ની ધૂન ભક્તિનો નશો ચઢાવે એવી આ કાર્યકરમાં પણ રહી...

સ્વર્ણ સુંદરી ફિલ્મનું ભરત વ્યાસ - આદિ નારાયણ રાવની રચના 'મુજેના બુલા, છુપ છુપ છલિયારે મુજે ના બુલા...' 'પ્યાર કિયા તો ડરના કયા' ફિલ્મનું રવિ-શકીલ-રફીનું ગ્રેટ સર્જન 'જાને બહાર હુશ્ન તેરા બેમિસાલ હૈ, વલ્લા કમાલ હૈ, અરે વલ્લા કમાલ હૈ' બંને ગીતો સરસ રહ્યાં... આજના કાર્યક્રમનું ટાઈટલ 'આધા હૈ ચંદ્રમા, રાત આધી, રહેના જાયે તેરી મેરી બાત આધી' 'નવરંગ' ફિલ્મનું સી. રામચંદ્રનું સંગીત ભરત વ્યાસના શબ્દો અને મહેન્દ્ર કપૂર - આશા ભોંસલે જેટલીવાર સાંભળીએ એ વાર વધુ ગમતું જાય અને એની પાછળ આ રાગની કમાલ છે...

'તુંને રાત ગંવાઈ સોઈ કે, દિવસ ગવાયા ખાય કે' મુકેશનું ગીત જે કબીરની રચના હતી... ફરી એક વાર 'નવરંગ' પણ આ વખતે આશા-મન્નાડેનું ડ્યુએટ 'તૂં છપી હૈ કહાં, મૈં તડપતા યહાં, તેરે બીન ફિકા ફિકા હૈ દિલ કા જહાં' બંને ગાયક સુરભી પરમાર અને દેવેન દવે એ જોરદાર ગાયું અને વન્સ મોરની તાળીઓ મેળવી ગયું... 'બડા આદમી'નું ચિત્રગુપ્ત - પ્રેમધવન - રફીનાં કોમ્બિનેશનમાં 'અખિયન સંગ અખિયા ડારી આજ' અને એમાં લગાવેલી સરગમની તાને શ્રોતાઓને તાનમાં લાવી દીધાં... 'ઓપેરા હાઉસ'નું લતાનું ગ્રેટ સોંગ 'બલમા માને ના, બેરી ચૂપના રહે' અને માલકૌંસની છેલ્લી રચના 'મિસ બોમ્બે'નું ગીત 'જિંદગી ભર ગમ જુદાઈ કા મુઝે તડપાયેગા, હર નયા મૌસમ પુરાની યાદ લેકર આયેગા' બધાં જ ગીતો માણવા જેવા રહ્યા...

'ભૈરવી' એ સદા સુહાગન રાગ કહેવાય છે. ભક્તિ અને શ્રૃંગાર રસમાં વધુ વપરાય છે અને એટલે જ હિન્દી ફિલ્મી ગીતોમાં ભૈરવીની ભરમાર છે. શાસ્ત્રીય ગાયન ક્ષેત્રે 'ભૈરવી'ને સૌથી પહેલાં સાધ્ય કરવો પડે છે... કોઈ સંગીતની મહેફીલનાં સમાપન વખતે 'ભૈરવી' જ ગવાય છે એના પાછળ એટલી જ વાત છે કે એ છેલ્લા ગીતની અસર છેક સુધી રહે છે... ભૈરવી અનેક મૂળમાં ગવાય છે. આ રાગની અસર હેઠળ તૈયાર થયેલા ગીતો લગભગ પ્રસિદ્ધિ પામે છે...

'મેરી બહન' નું પંકજ મલિકે ગાયેલું 'એ કતિબે તકદીર મુજે ઈતના બતા દે કયા મૈને કીયા હૈ, કયું મુજપે ખફા હૈ...' 'બૈજુ બાવરા'નું 'તું ગંગા કી મૌજ મૈં જમનાકા ધારા હૌ રહેગા મિલન, યે હમારા...' 'આઈ મિલન કી બેલા'નું શંકર-જયકિશન-હસરત જયપુરીનું લતાનું ગીત 'તુમ્હે ઔર કયા દું મૈં દિલ કે સિવા, તુમ કો હમારી ઉંમર લગ જાયે' બધાં જ ગીતો ભૈરવીથી જમાવટ કરી ગયા...

'મેરી સુરત તેરી આંખે' નું એસ.ડી. બર્મન-શૈલેન્દ્ર-રફીનું કલાસીક ગીત 'નાચે મન મોરા, મગન તીકરા ધીગી ધીગી, બદરા ઘીર આયે ઋતુ હૈ ભીગી ભીગી' જાનદાર રજુઆત રહી... 'આહ'નું 'રાજા કી આયેગી બારાત, રંગીલી હોગી રાત, મગન મેં નાચુંગી'... 'બરસાત'નું 'છોડ ગયે બાલમ મુઝે હાય અકેલા છોડ ગયે' બંને ગીતો શંકર-જયકિશનના, મુકેશનું યુગલ ગીત... 'અમર'નું 'ઈન્સાફ કા મંદિર હૈ યે ભગવાન કા ઘર હૈ' રફીનું અમર થઈ ગયેલું ગીત... 'દેવતા'નું સી. રામચંદ્ર-રાજેન્દ્ર કૃષ્ણની રચના 'કૈસે આઉ જમુના કે તીર, પાંવ પડી ઝંઝીર' બધાં જ ગીતો માણવા લાયક બની રહ્યાં...

'દિલ હી તો હૈ' મન્નાડેનું સૌનું મનગમતું રોશન-સાહિરનું ગ્રેટ કંમ્પોઝીશન વાળું 'લાગા ચૂનરી મેં દાગ છુંપાઉ કૈસે, ઘર જાઉં કૈસે લાગા' આ ગીતના તરાના-તબલા-કિબોર્ટ બધાંએ કમાલ કરી અને 'વન્સમોર'ની ડિમાન્ટ સાથે અઢળક તાળીઓ મેળવી... 'દેખ કબીરા રોયા' મદન મોહનની રચના 'તું પ્યાર કરે યા ઠુકરા દે, હમ તો હૈ તેરે દિવાનોં મેં...' 'અનાડી'નું 'તેરા જાના દિલ કે અરમાનોં કા લૂંટ જાના, કોઈ દેખે બનતે તકદીરોં કા મીટ જાના...' અને પછી ફરી એકવાર મન્નાડે 'દૂજ કા ચાંદ'નું શાસ્ત્રીય ગીત 'ફુલ ગેંદવાના મારો, લગત કરજવામેં ચોટ' અદ્ભૂત રજૂઆત બની રહી....

'સંગમ'નું સેડ સોંગ 'દોસ્ત દોસ્ત ના રહા, પ્યાર પ્યાર ના રહા, જિંદગી હમેં તેરા એતબારના ના રહા' અને ચોરી ચોરીનું 'યે રાત ભીગી ભીગી, યે મસ્ત ફિજાયેં, વો ચાંદ પ્યારા પ્યારા' આ બંને ગીતો શંકર-જયકિશન-શૈલેન્દ્ર એ બનાવેલા હતા... 'ગુંજ ઉઠી શહેનાઈ'નું વસંત દેસાઈ - ભરત વ્યાસની રચના 'દિલ કા ખિલોના હાયે તૂટ ગયા...' અને રાગ ભૈરવીના અંતિમ ભૈરવી રચના 'શ્રી ૪૨૦'નાં કોરસ ગીત 'રમૈયા વસ્તા વૈયા, મૈંને દીલ તુજ કો દીયા'થી કાર્યક્રમ સંપન્ન થયો...

આ કાર્યક્રમના ગાયકોમાં શાસ્ત્રીય તરાનાના બધાં ગીતો હિરેન વૈષ્ણવે, લતાના સુરભી પરમારે ગાયાં જયારે તરાના સિવાયના ગીતો દેવેને દવે અને જૂઈ ભટ્ટે સ્વર આપ્યો. મુકેશ-પંકજ મલિકના ગીતો આ કાર્યક્રમના સંગીત સંચાલક સ્વર આપ્યો. મુકેશ-પંકજ મલિકના ગીતો આ કાર્યક્રમના સંગીત સંચાલક અને પરિકલ્પના તૈયાર કરનાર રાજેશ વૈષ્ણવે સુંદરતાથી ગાયા.... સૂત્ર સંચાલનમાં ખ્યાતિ મહેતાએ હળવી વાતો - કવિતા - શેર - મુક્તક અને પોઝીટીવ એનર્જી સાથે ખ્યાતિ અને તાળીઓ મેળવી લીધી...

વાદ્ય સંગીતમાં કિ-બોર્ડ પર દેવેન્દ્ર મહેતા - ડૉ નિરવ પંડ્યા, ગિટાર - વિનુ મજીઠિયા, તબલા - કર્મવીર મહેતા, ઢોલક - હિમાંશુ ભટ્ટ, ઓકટોપેડ - અજીત પરમાર - બધાંએ રાજેશ વૈષ્ણવે એમનામાં મુકેલા વિશ્વાસને ખરો ઠેરવ્યો... કિ-બોર્ડ પર દેવેન્દ્ર મહેતા અને ગાયિકા સુરભી પરમાર એમની કલાથી જરા વિશિષ્ટ રીતે અલગ તરી આવતાં હતા... સુરીલી સાંજ ભાવનગરે આ સાંજને બંને રાગોની જમાવટથી સૂરીલી બનાવી દીધી...

ગીતોની પસંદગી સરસ હતી છતાંય, 'જય ચિત્તોડ'નું 'ઓ પવન વેગ સે ઉડને વાલે ઘોડે' અને 'કલાકાર'નું 'દીપ જલાયે જો ગીતોં કે મૈંને' માલકૌંસમાં અને 'અય મરે દિલ કહી ઔર ચલ' તલમ મહેમુદે, 'બાબુલ મોરા' સાયગલ, 'ચિંગારી કોઈ ભડકે' - કિશોર કુમાર, 'જીના યહાં મરનાં યહાં' મુકેશ, 'જયોત સે જયોત જલાતે ચલો' લતા જેવાં ગીતો સમાવ્યા હોત તો આનંદ થાત... ભૈરવીમાં શંકર-જયકિશનનું યોગદાન ખુબ છે તો 'શિલા કી જવાની' માલકોંશ પર બનેલું છે... 'સુર સંગમ' ના બે ગીતો આ રાગો પર આધારીત છે, જે પૈકીનું 'ધન્ય ભાગ સેવા કા અવસર પાયા' ભૈરવીનું ગીત ગાડીમાં સાંભળી છેક ઘર સુધી આ સુંદર કાર્યક્રમને માણી લીધો...

